

# ઇરાન-ભારતની દોસ્તી : ઇતિહાસ શું કહે છે?

આપણા દેશની નીતિ હંમેશા બિનજોડાણવાદી રહી છે અને તે નીતિને અનુસરીને દેશને ઘણો લાભ થયો છે. આજે આપણા દેશના કરોડો લોકો અન્ય દેશોમાં રોજગારી અર્થે થાય છે અને ત્યાં સુખચેનથી રહી શકે છે તેનું એક કારણ બિનજોડાણવાદી વિદેશ નીતિ રહી છે. આ નીતિ અંતર્ગત વિશ્વભરના દેશોની આઝાદી અને સૌહાર્દતાનું સંરક્ષણ થાય તેવું વલણ આપણા દેશના આગેવાનોએ અત્યાર સુધી રાખ્યું છે. વિશ્વમાં જ્યારે કોઈ કટોકટીની સ્થિતિ આવી ત્યારે તેમાં આપણે ખોંખારીને કહી શકીએ તેવો અવાજ આપણો રહ્યો છે. પરંતુ આ વખતે આપણા દેશનું મૌન ભેદી દેખાય છે. તેની નોંધ ઈરાન સહિત અનેક દેશોએ લીધી છે. ઈરાન પર થયેલા હૂમલામાં આપણે વિરોધ જતાવાની વાત તો દૂર પરંતુ હૂમલામાં માર્યા ગયેલા ઈરાનના આગેવાન કે શાળાની બાળકીઓ પ્રત્યે સંવેદના સુધ્ધા વ્યક્ત કરી નથી. એટલું જ નહીં થોડા દિવસ પૂર્વે આપણે ત્યાં નૌસેનાના એક કવાયતમાં ઈરાનની નૌસેના ભાગ લેવા આવી હતી. તે પછી ઈરાન પર હૂમલો થયો અને ઈરાનનું નૌસેનાનું જહાજ જ્યારે પાછું ફરી રહ્યું હતું ત્યારે અમેરિકાએ તેના પર હૂમલો કરીને તોડી પાડ્યું. આ મુદ્દે પણ આપણા દેશની પ્રતિક્રિયા આવી નથી. બેશક, ઈરાનમાં આયતુલ્લા ખામેઈનીના શાસનનો ખૂબ વિરોધ થતો હતો. સરમુખત્યાર હોવાના પણ તેમના પર આરોપ લાગ્યા. ઈરાનના જાગ્રત લોકો તે વિશે અવાજ પણ ઊઠાવ્યો છે. પરંતુ જ્યારે તેમાં દખલગીરી કરવા ઈઝરાયલ અને અમેરિકા પડ્યા ત્યારે હવે ઈરાનવાસીઓ એક થતા દેખાય છે.

યુદ્ધની આ સ્થિતિમાં ભારતનું વલણ કેમ ઈઝરાયલ-અમેરિકા તરફી રહ્યું છે તે વિશે અટકળો લગાવવી પડે. પરંતુ ઈરાન અને આપણા દેશની મૈત્રી કેવી હતી તે અંગે બહુ દૂર જવાની જરૂર નથી. એટલું જ નહીં ઈરાન અને આપણો વેપાર અત્યાર સુધી થઈ રહ્યો હતો. ઈરાનના આયાત-નિકાસમાં ભારતનો હિસ્સો ઘણો મોટો છે. ઈરાન બધી રીતે આપણા દેશ સાથે મૈત્રીસંબંધ બનાવી રાખ્યા છે. પરંતુ સંભવત્ આ યુદ્ધ પછી એ સંબંધ અગાઉ જેવા ક્યારેય નહીં બને. ઈરાન અને ભારતની મૈત્રી વિશે અનેક ઠેકાણે લખાયું છે. ‘ધ હિંદુ’ નામના અખબારમાં થોડા દિવસ પૂર્વે આવેલા એક લેખમાં અનિલ ત્રીગ્યુનાયત લખે છે કે બંને દેશો વચ્ચે મૈત્રી કરાર 1950માં જ થઈ ચૂક્યા હતા. ભારત-ઈરાનના સંબંધને ટકાવી રાખવા માટે હંમેશા અમેરિકા અને યુરોપના દેશોનું દબાણ રહ્યું છે, તેમ છતાં આ સંબંધ આગળ વધતા ગયા છે. પરંતુ આજે જે ઈરાન યુરોપના દેશોનું દુશ્મન તરીકે ખપાવી દેવામાં આવે છે ત્યારે એટલું યાદ રાખવું કે શીત યુદ્ધ દરમિયાન અમેરિકા-રશિયાનો ગજગ્રાહ ચાલી રહ્યો હતો; ત્યારે ભારતની નીતિ બિન-જોડાણવાદી હોવા છતાં તેનું વલણ રશિયાતરફી હતું. તે વખતે ઈરાનની દોસ્તી યુરોપ-અમેરિકા સાથે હતી. એ પ્રમાણે ઈરાન પાકિસ્તાન-ભારતના સંઘર્ષમાં મહંદશે પાકિસ્તાન સાથે ઊભું રહ્યું છે. 1990માં અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ આંતક મચાવ્યો હતો ત્યારે ભારત-ઈરાન ત્યાંના બીજા એક જૂથ ‘નોર્થન એલાયન્સ’ને સપોર્ટ કરી રહ્યા હતા. અત્યાર સુધી ઈરાનમાંથી ભારત સૌથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરતું હતું. પરંતુ છેલ્લા દાયકામાં ઈરાનમાંથી આવતું ક્રૂડ ઓઈલમાં ઘટાડો થયો છે. હવે ઈરાનમાંથી સૌથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદનાર ચીન છે.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
કિરણ કાપૂરે




**એ સ્વાભાવિક છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે એક દેશના બીજા દેશના સંબંધો બદલાતા રહે. આપણા દેશના બજાર નેવુંના દાયકા સુધી ખોલવામાં આવ્યા નહોતા ત્યાં સુધી અમેરિકા કે યુરોપના દેશો માટે આપણું બજારનું મહત્ત્વ નજીવું હતું**

એ સ્વાભાવિક છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે એક દેશના બીજા દેશના સંબંધો બદલાતા રહે. આપણા દેશના બજાર નેવુંના દાયકા સુધી ખોલવામાં આવ્યા નહોતા ત્યાં સુધી અમેરિકા કે યુરોપના દેશો માટે આપણું બજારનું મહત્ત્વ નજીવું હતું. તે પછી ભારતનું બજાર યુરોપ-અમેરિકા માટે ખુલ્યું તેથી હવે આ દેશો ભારતને મહત્ત્વ આપવા લાગ્યા છે અને તેની સાથેના મૈત્રી કરારને મહત્ત્વ ગણવા લાગ્યા છે. જોકે એ પણ ટાંકવું રહ્યું કે આ વેપારમાં લાભ અમેરિકા અને યુરોપને વધુ થઈ રહ્યો છે! અને હાલમાં અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ પણ તેવું જ જોઈ શકાય છે. આપણા હિસ્સામાં થોડોક વિકાસ કે સુવિધા આવી છે, પરંતુ સંપૂર્ણ ચિત્ર જોઈએ તો ભારતને નુકસાન ઝાઝું છે.

ભારત અને ઈરાનના સંબંધના બે-એક વર્ષ પૂર્વે જ થયેલી સંધિઓ જોશો તો ખ્યાલ આવે કે આપણે ક્યારેય ઈરાનને અવગણ્યું નથી. 2023માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈરાનના વડા પ્રધાન ઈબ્રાહિમ રાઈસી ‘બ્રિક્સ પરિષદ’ હેઠળ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં મળ્યા હતા. આ બંને આગેવાનું મળવાનું એક કારણ ઈરાન ભારતને ગેસ અને ક્રૂડ ઓઈલની આપૂર્તિ હતી.

આ ઉપરાંત ઈરાન-ભારતની મૈત્રીને બયાનો કરતો લેખ ‘ધ વાયર’ નામના વેબ પોર્ટલ પર ત્રિભુવન દ્વારા લખવામાં આવ્યો છે. તેમાં તેઓ લખે છે : ‘એક સમય હતો જ્યારે ભારતના ન્યાયાલયોમાં ફારસી બોલવામાં આવતી હતી. ફારસી એક જાણીતી ભાષા બની હતી. મુઘલ કાળમાં ફારસી માત્ર વિદેશી ભાષા નહોતી, બલકે તે પ્રશાસન અને ઉચ્ચ સાહિત્યની ભાષા હતી. ભારત તે સમયે ઈરાનથી બહાર ફારસી લેખનીનું સૌથી મોટું કેન્દ્ર બન્યું હતું. ભાષાએ સામ્રાજ્યથી વધુ એકબીજા સાથેનો નાતો બનાવ્યો. સૂફી માર્ગ બન્યો અને હૃદયથી હૃદય સુધી માર્ગ ખુલ્યા. ખુરાસનથી અજમેર સુધીનો એક આધ્યાત્મિક માર્ગ હતો, જે કોઈ નકશા પર નથી દેખાતો. સૂફી સંત પોતાની સાથે પ્રેમ, કરૂણા અને ઈશ્વર સાથેનો પ્રત્યક્ષ સંવાદનો ખ્યાલ લઈને આવ્યા. ચિશ્તી પરંપરાએ ફારસી આધ્યાત્મિકતાને ભારતીય ભક્તિભાવ સાથે જોડ્યો. અજમેરની દરગાહમાં જે કવ્વાલી ગૂંજે છે, તેમાં ફારસી લય અને ભારતીય ભાવનાનો સમાગમ છે. આજે ભારત-ઈરાનના સંબંધની ચર્ચા મુખ્યત્વે તેલ અને રણનીતિના સંદર્ભે થાય છે. પરંતુ સદીઓ અગાઉ ગુજરાતના વેપારી હાર્મુજ અને અબ્બાસ બંદર સુધી જતા હતા. મસાલા, કાપડ, હિરા પશ્ચિમ દેશો સુધી જતા હતા. ઘોડા અને ધાતુઓ પૂર્વ તરફ આવતા હતા. દરિયાઈ સીમા નહોતી, બસ સેતુ હતો. આજનો ચાહબાર બંદર તે જ પ્રાચીન દરિયાનું આધુનિક સ્વરૂપ છે. એક એવો માર્ગ જે ભૂગોળ અને રાજનીતિથી ઉપર ઉઠવાનો પ્રયાસ હતો.’ આખરમાં ત્રિભુવન લખે છે તેમાં ઈરાન નહીં ભારત માટે વિશ્વના કોઈ પણ દેશને મૂકી શકાય. તેઓ લખે છે : ‘એકવીસમી સદીમાં ભારત અને ઈરાનના સંબંધ જટિલ છે. પ્રતિબંધ, પરમાણુ સમજૂતી, વૈશ્વિક ગઠબંધન અને ન જાણે કેટલી બધા પડકારો છે. ભારત, અમેરિકા અને ખાદી દેશો સાથે સંતુલન સાધી રહ્યું છે, ત્યારે ઈરાનના પોતાના ક્ષેત્રીય સમીકરણમાં અટવાયું છે. વર્તમાન યુદ્ધમાં સદીયો સાથેના રાષ્ટ્ર સાથે ન ઊભા રહેવું તે નવી ભૂ-રાજનીતિક સ્થિતિનો એક ખૂબ પીડાદાયી બિંદુ છે. આ બધુંય છતાં ઉર્જા, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને અનેક યોજનાઓ એ સંકેત આપે છે કે સંવાદનો ન ક્યારેય અંત આવ્યો નથી; ન આવી શકે. ઈતિહાસ સીધી લીટીમાં નથી આગળ વધતો. તે વર્તુળ બનાવે છે. કેન્દ્રથી ક્યારેક નજીક, તો વળી ક્યારેક દૂર. નવું વર્તુળ નિર્માણ કરવામાં કેટલું અંતર અને કેટલી વાર છે - તેનો ખ્યાલ કોઈને નથી.

પરંતુ આપણે પૃથ્વીને અંતરિક્ષમાંથી જોઈએ તો ભારત અને ઈરાન વચ્ચે કોઈ દિવાલ નહીં દેખાય. માત્ર પહાડો, રણ અને દરિયો દેખાશે. જે અગાઉ ક્યારેક માર્ગ હતા.’ આખરે આ લેખમાં લખ્યું છે : ‘રાજનીતિ ક્ષણભંગુર છે, સભ્યતા દિર્ઘજીવી છે. ભારત અને ઈરાનના સંબંધ માત્ર કૂટનીતિક નથી, તે સ્મૃતિનો સંબંધ છે. સિંધુની ધ્વનિમાં, પારસી અગ્નિમાં, ફારસી શેર-શાયરીઓમાં અને ચાબહારના કિનારે ઊભા રહા જહાજોના અતીતમાં તે જ સાદ હજુ પણ સંભળાય છે. સંભવત્ આ જ ઈતિહાસનો સબક છે કે આપણે એટલાં વેગળા ક્યારેય નહોતા, જેટલું આપણને દર્શાવવામાં આવે છે.’•

# વિશ્વયુદ્ધ અને જીવાતું જીવનઃ તબ ભી, અબ ભી



આજકાલ જગતભરનાં મેગેઝિનો અને અખબારો બીજા વિશ્વયુદ્ધ પરના લેખો, ત્યારનાં ખતરનાક સંસ્મરણો અને યુદ્ધનાં ફોટાઓથી ભરેલા હોય છે. યુદ્ધ વખતનાં લોકો ભલે દુ:ખી હોય કે હિંમતવાન હોય, પણ યુદ્ધના દિવસોને ખૂબ ટેસડો લઈ લઈને લોકો યાદ કરી રહ્યા છે. મા-બાપ એમના બાળકોને અને દાદા-દાદી એમના પૌત્ર-પૌત્રીઓને યુદ્ધના દિવસોને યાદ કરીને કહે છે કે કેવી રીતે એ લોકોએ કે પછી એમની પહેલાંની પેઢીએ યુદ્ધના દિવસો પસાર કર્યા હતા, એ વખતે શું શું થયું હતું, કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો વગેરે વગેરે... મેં મુસોલનિથી હિટલર અને પર્લ હાર્બરથી હિરોશિમા અણુબોંબ સુધીના ભીષણ યુદ્ધના અનેક લેખો જોયા છે.

પણ એ સમયે એવી ઘણી બધી ઘટનાઓ એ વર્ષોમાં ઘટી જેમનો એ ભયાવહ વિશ્વયુદ્ધ સાથે કોઈ સંબંધ નહોતો. એ બધા જ વ્યક્તિગત પ્રયાસો હતા. સરકારો તો યુદ્ધમાં રચીપચી હતી, જેમની પહેલી ને છેલ્લી ફરજ માત્ર યુદ્ધ અને યુદ્ધ કરવાની જ હતી.

પણ યાદ રાખજો કે ત્યારે અનેક ક્ષેત્રમાં ક્રાંતિકારી કામ થયેલા. જેમ કે- એ જ કાળખંડમાં, અર્નેસ્ટ હેમિંગ્વેએ એમની શ્રેષ્ઠ કૃતિ ‘ફોર હુમ ધ બેલટોલ્સ’ લખી, યુજીન ઓ નીલે ‘લોંગ ડેઝ જર્ની’ અને ‘ઈન ધ નાઈટ’ લખી, આર્થર કોસલરે ‘ડાર્કનેસ એટ નૂન’ લખી, ટી. એસ. એલિયટે ‘ફોર ક્વાટેંટ’ પ્રકાશિત કરી, સોમરસેટ મૉમે ‘ધ રેજર્સ એજ’ પ્રકાશિત કરી, એ દિવસોમાં વાચકો ભગવતીચરણ વર્માની ‘ચિત્રલેખા’, ઉપેંદ્રનાથ અશ્કની ‘ગિરતી દીવારેં’ અને યશપાલની વાર્તાઓ વાંચતા હતા. કવિતા પ્રેમીઓ મહાદેવીની ‘દીપશિખા’ કવિતામાંનાં છાયાવાદ પર માથું ધૂણાવી રહ્યા હતા.

આ જ વર્ષોમાં ‘ગેસલાઈટ’, ‘રેબેકા’, ‘સિંટીઝન કેન’, ‘પિગ્મેલિયન’, વોલ્ટ ડિઝનીની ‘બામ્બી’ વગેરે અદભૂત અંગ્રેજી ફિલ્મો રિલીઝ થઈ હતી. યુદ્ધગ્રસ્ત મોસ્કોમાં ‘વોર એન્ડ પીસ’ અને ‘સિન્ડ્રેલા’ પર આધારિત ઓપેરા (સંગીત-નૃત્ય નાટકો) બન્યાં.

પણ સમગ્ર વિશ્વની આમ જનતા માટે એ બહુ જ કપરા દિવસો હતા. એ વખતે અમેરિકામાં જૂતા પણ રેશનકાર્ડ પર મળતા, ઈંગ્લેન્ડ ને ભારતમાં અનાજ ઉપરાંત કાપડ પણ રેશનકાર્ડ પર મળતા હતા અને એ જ સમયે યુદ્ધગ્રસ્ત દુનિયામાં ‘પેનીસિલીન’ દવાની શોધ થઈ રહી હતી, પહેલું હેલિકોપ્ટર બની રહ્યું હતું, પહેલું ચુંબકીય ટેપ રેકોર્ડર અને પહેલું ઓટોમેટિક કમ્પ્યુટર તૈયાર થઈ રહ્યું હતું. તોપો ગર્જી રહી હતી પણ એ શોરબકોરમાં કોઈક એવું પણ હતું જે વિટામિન ‘એ’નું વિશ્લેષણ કરીને માનવ શરીર પર એની અસરનાં સંધોશનમાં વ્યસ્ત હતું.

ઈતિહાસના થોથા ભલે જાડા પુસ્તકનાં રૂપમાં લખવામાં આવે કે પછી દૈનિક અખબારોમાં કે સાપ્તાહિક સામયિકોમાં લેખના રૂપમાં સચવાય પણ એમાં ઉલ્લેખ માત્ર ને માત્ર મોટા મોટા નેતાઓની પ્રવૃત્તિઓ અને એમની સત્તા ઉથલપાથલનો જ કરવામાં આવે છે.

**જ્યારે ચર્ચિલ મોડી રાત સુધી સિગાર પીતા પીતા વિચારતો હતો અને હિટલર બોમ્બ વરસાવી રહ્યો હતો, ત્યારે આ બધું સર્જનાત્મ કામ પણ ચાલી રહ્યું હતું, જેનો આજે કોઇ ઉલ્લેખ નથી કરી રહ્યા**

કામુએ ‘કૈલિગુલા’, જ્યોર્જ આરબેલે ‘એનિમલ ફાર્મ’ પ્રકાશિત કરી, આર્થર મિલરે ‘ઓલ માય સન્સ’ અને જેમ્સ થર્બરે ‘મેન વુમન એન્ડ ડોગ્સ’ અને એમનું પ્રખ્યાત પુસ્તક ‘થર્બર કાર્નિવલ’ને લખીને પૂરી કરીને પ્રકાશિત કરી.

એ જ સમય દરમિયાન સાર્ત્ર, કામુ, રસેલ અને હેરલ્ડ લાસ્કી જેવા વિચારકોએ એમના મહત્વના લેખનકાર્યો પૂર્ણ કર્યા. જ્યારે ચર્ચિલ મોડી રાત સુધી સિગાર પીતા પીતા વિચારતો હતો અને હિટલર બોમ્બ વરસાવી રહ્યો હતો, ત્યારે આ બધું સર્જનાત્મ કામ પણ ચાલી રહ્યું હતું, જેનો આજે કોઈ ઉલ્લેખ નથી કરી રહ્યા. સિગાર પીવાતી રહી, હિટલરનું મૃત્યુ થયું, ખંડેર શહેરો ફરીથી વસી ગયા. યુદ્ધ ભૂલાવા લાગ્યું, માનો કે નવી પેઢીની જનતાના મનમાંથી ભૂલાઇ જ ગયું પણ પેલાં બધાં પુસ્તકોએ આજેપણ આપણાં જીવનમાં સ્થાન બનાવીને રાખ્યું છે! ભારતમાં, જુઓને જ્યારે આપણે ત્યાં ૧૯૮૫માં ત્યારનાં સત્તાધારી કોંગ્રેસ પક્ષના 100 વર્ષ થયાની ભવ્ય ઉજવણી થઈ તો ત્યારે કોંગ્રેસનાં મહાન અને મોટા મોટા નેતાઓની વાતો થઈ પણ કોઈને કવિ મૈથિલીશરણ ગુપ્ત, માખનલાલ ચતુર્વેદી, બાલકૃષ્ણ શર્મા નવીન, સુબ્રમણ્યમ ભારતી યાદ નહીં આવ્યા, જેઓ એ જ સરકાર વિષે આદર્શ લેખો લખી રહ્યા હતા. કોઈને ગણેશશંકર વિદ્યાર્થી યાદ ન આવ્યા? બધા હિટલર અને ચર્ચિલ વિશે જ વાત કરે છે, પણ એ જ સમયે, ચિત્રકાર માતીસ એના શ્રેષ્ઠ ચિત્રો બનાવી રહ્યો હતો પણ એના વિશે કોઈ એક હરફ પૂરતું યે વાત કરતું નથી. આજે ૨૦૨૫માં પણ ફરી યુદ્ધનો માહોલ છે. તો ઈતિહાસમાં બોંબમારા, લશ્કરો, લાશો સિવાય, આજની કઇ કઇ વાતો યાદ રાખવામાં આવશે?

ખબર નહીં. (મૂળ લેખ: ૧૯૮૮)

**શરદ જોશી સ્પીકિંગ**
સંજય છેલ

# સંજૂ સેમસને બધાને ખોટા પાડીને એક અલગ સ્વરૂપના દર્શન કરાવી દીધા

સંજુ સેમસને મે 2022 માં યુટ્યુબ શો બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સમાં એક નિવેદન કર્યું હતું કે હું અહીં ટીમ માટે વધારે રન બનાવવા નથી આવ્યો, હું ઓછા રન બનાવવા માંગુ છું પણ તે ટીમ માટે ઉપયોગી સાબિત થવા જોઈએ. દક્ષિણ આફ્રિકા સામેની T20I સીરિઝ માટે તેને ભારતીય ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો, જે મૂળભૂત રીતે સંકેત આપતો હતો કે પસંદગીકારો તેને તે વર્ષના T20 વર્લ્ડકપ માટે ભારતીય ટીમનો ભાગ માનતા નથી. જો કે T20 વર્લ્ડકપ માટેની ભારતીય ટીમમાં તેનો સમાવેશ પણ એક કવર તરીકે થયો હતો અને અહીં આ જ કોલમમાં લખાયું હતું કે સેમસન વધુ એક T20 વર્લ્ડકપ બેન્ચ પર બેસીને કાઢશે. ભારતની પ્રથમ મેચ પછી અભિષેક શર્મા બિમાર પડ્યો તે પછી તેને તક મળી પણ તે એ તક ઉપાડી ન શક્યો. જો કે ભારત મેચ જીતતું હતું પણ તેના ટોપ ઓર્ડરની નિષ્ફળતા સામે આવી રહી હતી અને તે પછી સેમસનને વેસ્ટઈન્ડિઝ સામેની કરો યા મરો મેચમાં તક મળી અને તેણે એક એવી ઈનિંગ રમી બતાવી કે જે ભારતને જીતાડી ગઇ

**ખેલખેલમેં**

અને ભારત સેમીમાં પ્રવેશ્યું. આજે ગુરુવારે રમાયેલી સેમી ફાઈનલમાં ફરી એકવાર સંજૂ સેમસને તોફાની બેટિંગ કરીને 89 રનની ઈનિંગ રમી અને તે ભારતની જીતમાં નિર્ણાયક સાબિત થઈ.

સેમસને અગાઉની બે T20I માં 25 બોલમાં 39 રન અને 12 બોલમાં 18 રન બનાવ્યા બાદ તેને બહાર કરવામાં આવ્યો હતો. તે સમયે IPL ચાલી રહી હતી, અને તે અગ્રણી રન-સ્કોરર્સમાંનો એક હતો અને તેનો ત્રીજો સૌથી વધુ સ્ટ્રાઈક રેટ હતો, પરંતુ તે બેટ્સમેનોમાં 30 થી ઓછી સરેરાશ ધરાવતો એકમાત્ર બેટ્સમેન હતો. મે 2022 માં સેમસનના નિવેદનને આ રીતે જોવામાં ન આવ્યું હોત, પરંતુ આજે મોટાભાગના લોકો T20 ક્રિકેટને આ રીતે જુએ છે. જ્યારે સેમસનએ આ નિવેદન આપ્યું ત્યારે તે 27 વર્ષનો હતો, એક એવો બેટ્સમેન જેણે 2026 માં તેની કારકિર્દીનો મોટાભાગનો સમય T20 બેટ્સમેનની જેમ બેટિંગ કરવામાં વિતાવ્યો હતો. તે તેની 10મી IPL સીઝન રમી રહ્યો હતો અને તેની ફ્રેન્ચાઈઝીનો કેપ્ટન હતો. ત્યાં સુધીમાં, સેમસન ફક્ત 12 T20 અને એક વન ડે રમી ચૂક્યો હતો.



સેમસનનું એક સ્પોર્ટસ વેબસાઈટ પરની પ્રોફાઈલ આજે પણ આ વાક્યથી શરૂ થાય છે : ‘સંજુ સેમસન કદાચ પ્રથમ ટોચનો ભારતીય ખેલાડી હતો જે રાષ્ટ્રીય ટીમ કરતાં મુખ્યત્વે તેની ફ્રેન્ચાઈઝી માટેના પ્રદર્શન માટે જાણીતો હતો. આ પ્રોફાઈલ કદાચ હવે અપડેટ કરવાની જરૂર છે, પરંતુ આ વાક્ય આજે પણ એટલું જ સુસંગત છે, ભલે ભારતીય ટીમે મે 2022 પછી સેમસન માટે સ્થાન શોધી કાઢ્યું હોય. ભારતીય ટીમે તેની સાથે તાલમેલ શોધી કાઢ્યો છે. જ્યારે ભારતે 2024નો T20 વર્લ્ડ કપ જીત્યો, ત્યારે સેમસન બેન્ચ પર સમય વિતાવ્યો. તેને ઘણો સમય રાહ જોવી પડી, પરંતુ એવું લાગતું હતું કે તેનો સમય ટૂંક સમયમાં આવશે. આ વખતે, ફરી એકવાર એવું લાગતું હતું કે તે આખી ટુર્નામેન્ટ બેન્ચ પર વિતાવશે. ટીમમાં હોવા છતાં, તે ફોર્મમાં નહોતો અને પ્લેઈંગ ઈલેવનમાં પણ નહોતો. અન્ય બેટ્સમેનોના પ્રદર્શનને જોતાં, તેના વાપસીનો કોઈ સ્પષ્ટ રસ્તો નહોતો.વ્યાપક રીતે કહીએ તો, લગભગ દરેક ભારતીય બેટ્સમેન પોતાની શૈલીને અનુસરતા હતા, ઊંચા દરે ફટકારવાને બદલે સારું પ્રદર્શન કરવાનો લક્ષ્ય રાખતા હતા. યુવા ખેલાડીઓને સ્થાપિત સિસ્ટમ સાથે સંઘર્ષ કરવો પડ્યો ન હતો, કારણ કે નવી સિસ્ટમથી અભિષેક શર્મા જેવી મૂલ્યવાન પ્રતિભાઓ ઝડપથી સ્કોર કરી શકતી હતી, અને સતત ત્રણ ડક આઉટ પણ બેટ્સમેનને ડ્રોપ કરવા માટે પૂરતા ન હતા. હવે, કોઈના વિદાય માટે ઓછા સ્કોર સિવાયના કારણો ધ્યાનમાં લેવામાં આવશે.

આ વર્લ્ડ કપ પહેલા એક વર્ષની અંદર સેમસન બે ખરાબ ફોર્મ સ્પેલનો સામનો કરી શક્યો. પ્રથમ, ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણેની શ્રેણીમાં, તે ઝડપી અને ટૂંકા બોલ દ્વારા આઉટ થતો રહ્યો, ભલે વિરોધી ટીમ આવી બોલિંગ કરવામાં માહિર હતી. કદાચ આના કારણે શુભમન ગિલને ટોચના ક્રમમાં બઢતી આપવામાં આવી, અને સેમસનને એક અજાણ્યા મધ્યમ ક્રમની ભૂમિકામાં ઉતારવામાં આવ્યો. ત્યારબાદ તેને જીતેશ શર્મા માટે પડતો મૂકવામાં આવ્યો, જે તે સ્થિતિમાં વિકેટકીપર-બેટ્સમેન તરીકે વધુ સારી પસંદગી હતી.

પછી, જ્યારે ગિલ અને જીતેશને બહાર કરવામાં આવ્યા પછી તે ઓપનર તરીકે પાછો ફર્યો, ત્યારે સૂર્યકુમાર યાદવે કહ્યું કે તે રન બનાવી રહ્યો ન હતો, ફોર્મમાં નહોતો, અને વર્લ્ડકપ નજીક આવી રહ્યો હતો. અને આ બધું ભારત પાસે ઈશાન કિશનના સ્વરૂપમાં બીજો વિકલ્પ હોવા છતાં થઈ રહ્યું હતું, જે તેની ભૂમિકા ભજવી શકે છે અને તેની કારકિર્દીના શ્રેષ્ઠ ફોર્મમાં હતો. અગાઉના ઘણા પ્રસંગોથી વિપરીત, આ વખતે સેમસનને ટીમ મેનેજમેન્ટમાં આત્મવિશ્વાસનો અભાવ હોવાથી નહીં, પરંતુ તેના જેવા રમી શકતા ખેલાડીઓ તેના કરતા સારું પ્રદર્શન કરી રહ્યા હોવાથી તેને પડતો મૂકવામાં આવ્યો. એવું લાગતું હતું કે ક્રિકેટે તેને પાછળ છોડી દીધો છે. જોકે, ક્યારેક ભાગ્ય વિચિત્ર રીતે દખલ કરે છે. જ્યારે ડાબા હાથના બેટ્સમેનોની વિપુલતા ભારત માટે સમસ્યાઓ ઉભી કરી રહી હતી, ત્યારે જમણા હાથના બેટ્સમેન સેમસનની વાપસી મોકળી હતી. જો તે તેના વાપસીને સુરક્ષિત કરવા માટે પૂરતું ન હતું, તો બાહ્ય પરિસ્થિતિઓએ ચોક્કસપણે તેના વાપસીનો માર્ગ મોકળો કર્યો. રવિવારે ઈડન ગાર્ડન્સ ખાતે, સેમસનને તે ક્ષણ જીવવાની તક મળી જે તેણે તેના આખા જીવનનું સ્વપ્ન જોયું હતું. તે તેની 328મી T20I રમી રહ્યો હતો.

**સંજૂ સેમસન માટે એવું કહેવાયું હતું કે તે વધુ એક T20 વર્લ્ડકપ બેન્ચ પર બેસીને પુરો કરશે તેણે અણીને ટાંકણે ફોર્મ મેળવીને ભારતને વેસ્ટઇન્ડિઝ સામે કરો યા મરો મેચમાં જીતાડ્યું અને તે પછી સેમીમાં ઇંગ્લેન્ડ સામે ઉપયોગી ઇનિંગ રમીને ભારતને જીત અપાવી, હવે કોઇ એવું નહીં કહે કે સંજૂ T20માં રમી નહીં શકે, હવે તો કેપ્ટન સૂર્યા પણ તેની આગળ નતમસ્તક થઇ ગયો હશે**

ફક્ત 10 ભારતીય ખેલાડીઓઃ રોહિત શર્મા (463), દિનેશ કાર્તિક (415), વિરાટ કોહલી (414), એમએસ ધોની (405), સૂર્યકુમાર (358), રવિન્દ્ર જાડેજા (346), સુરેશ રૈના (336), શિખર ધવન (334), આર. અશ્વિન (333), યુઝવેન્દ્ર ચહલ (329) એ તેના કરતા વધુ મેચ રમી હતી. તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાને સાબિત કર્યો હતો, ફક્ત ચાર બેટ્સમેનોએ તેની ત્રણ T20I સદી કરતાં વધુ સદીઓ ફટકારી હતી.•